# અરવલ્લી જિલ્લામાં મેઘતાંડવનો પ્રકોપ યથાવત

## મેઘરજના બીટી છાપરા નજીક કાર પાણીમાં તણાતા ૧ નું મોત : જિલ્લામાં જળબંબાકારની સ્થિતિ : ઠેર-ઠેર પાણી ભરાયા : જન-જીવન પ્રભાવિત






અરવલ્લી, તા. ૨૫ અરવલ્લી જિલ્લા સહિત મોડાસા શહેરમાં છેલ્લા પાંચ દિવસથી સતત વરસાદની હેલી અવિરત વરસતા સમગ્ર જિલ્લો વરસાદી પાણીમાં તળબોળ થઈ ગયો છે. ઉપરવાસમાં અને જિલ્લામાં ભારે વરસાદના પગલે જિલ્લાના જળાશયોમાં નવા નીર આવતા માઝૂમ ડેમમાંથી પાણી છોડાતા વહીવટીતંત્ર દ્વારા નીચાણવાળા ગામોને એલર્ટ કરાયા હતા. ભારે વરસાદથી જિલ્લામાં બે દિવસમાં ૫૦ જેટલા મકાનો અને દિવાલો તુટી ગઈ હતી. મેઘરજના બીટી છાપરાના વાંઘામાં વરસાદી પાણીના ધમધમતા પ્રવાહમાં અલ્ટોકાર તણાતા રાજસ્થાનના યુવાન વેપારી અને હાલ મોડાસા રહેતા અમીતભાઈનુ મોત નિપજ્યુ હતુ. સાયરા ગામ નજીક દિવાલ ધરાશાયી થતા ગાયનુ મોત નિપજ્યુ હતુ. જિલ્લાના નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાતા જિલ્લાના પ્રજાજનોની હાલત કફોડી બની હતી. જિલ્લા વહીવટીતંત્ર દ્વારા સમગ્ર જિલ્લાની શાળાઓ-કોલેજો બંધ રાખી સતત સમગ્ર જિલ્લામાં વરસાદી પાણીના આફત સામે કંટ્રોલ રૂમ શરૂ કરી દેવામાં આવ્યા હતા.

અરવલ્લી જિલ્લામાં મેઘાવી માહોલમાં છેલ્લા બે દિવસથી ભારે આફત સર્જાતા જિલ્લાવાસીઓમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં બે દિવસમાં પડેલા ૧૦ ઈંચ જેટલા વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયુ છે. જીલ્લામાં ૫૦થી વધુ ગામો સંપર્ક વિહોણા બની ગયા છે અને ૫૦ જેટલા મકાનો અને દિવાલો ધરાશાયી થતા મેઘરાજા તારાજી સર્જાતા સતત ભારે વરસાદના પગલે લોકો ફફડી ઉઠ્યા છે. મેઘરાજા ખમૈયા કરે તેવી જિલ્લાવાસીઓ પ્રભુને પ્રાર્થના કરી રહ્યા છે. બીજી બાજુ ૪૮ થી ૭૨ કલાકમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી હવામાન વિભાગે કરતા લોકોના જીવ પડીકે બંધાયા છે.

મેઘરજના બીટીછાપરા નજીક સોમવારે સાંજના ૭ વાગ્યાના સુમારે રાજસ્થાનના મેવાડા ગામના રહીશ અને મોડાસામાં દુકાન ધરાવતા અમીતકુમાર જયંતિભાઈ પટેલ (રહે. મધુવન સોસાયટી) વતનથી મોડાસા આવી રહ્યા હતા ત્યારે ઉપરવાસમાં ભારે વરસાદના પગલે તેમની અલ્ટોકાર વાંઘાની ડીપ પરથી પસાર થતા ધસમસતા પાણીના પ્રવાહમાંથી પસાર થતા કાર સાથે પાણીના પ્રવાહમાં તણાઈ જતા મોત નીપજ્યુ હતુ તેમની લાશ કોલુન્દ્રા નજીકથી મળી આવતા ઈસરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. મોડાસા તાલુકાના સાયરા છાપરા ગામે વરસાદી ભેજથી દિવાલ ધરાશાયી થતા રણજીતભાઈ ખાંટની ગાયનુ દિવાલ પડતા મોત નિપજ્યુ હતુ. અરવલ્લી જિલ્લાના મોડાસા શહેરનો લઘુમતિ વિસ્તારની રહેણાંક સોસાયટીઓ પાણીમાં ડુબી ગઈ હતી. જિલ્લામાં વરસાદી આફતના પગલે એનડીઆર એફની ટુકડી તૈનાત કરવામાં આવી હતી.

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં ૧૦ ઈંચ, ભીલોડામાં ૮ ઈંચ, મેઘરજમાં ૫.૫ ઈંચ, માલપુરમાં ૪ ઈંચ, બાયડમાં ૪ ઈંચ, વરસાદ ૨૪ કલાકમાં ખાબકતા સમગ્ર જિલ્લામાં વરસાદી પાણીનો જળબંબાકારનો માહોલ જોવા મળી રહ્યો છે.

### જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રમત-ગમત મંત્રી રાજેન્દ્ર ત્રિવેદીએ ભારે વરસાદના પગલે સમીક્ષા બેઠક યોજી

અરવલ્લી જિલ્લામાં સતત ૫ મા દિવસે સાંબેલાધાર વરસાદ પડતા અને કુદરતી આફત સર્જાતા મંગળવારે જિલ્લા કલેક્ટર કચેરી ખાતે રાજ્યના રમત-ગમતના મંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીની અધ્યક્ષતામાં વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલ, ડીડીઓ સ્તુતી ચારણ, જિલ્લા પોલીસ વડા એન.કે. ડામોર અને ડિઝાસ્ટર ટીમ સહિત જિલ્લાના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી આવનાર પરિસ્થિતિમાં પહોંચી વળવા તમામ વિસ્તારોની સમીક્ષા કરવામાં આવી હતી. એનડીઆરએફની ટીમના કમાન્ડરને જિલ્લાના વિસ્તારોની માહિતી આપી. જિલ્લામાં પૂરની સ્થિતિમાં પહોંચી વળવા માટે એનડીઆરએફની ટીમ તૈનાત કરવામાં આવી હતી.

### અરવલ્લી જિલ્લાના જળાશયોમાં પાણીની આવક : પાણી છોડાયું

| જળાશય | જળસપાટી (મીટર) | પાણીની આવક (ક્યુસેક પાણી) | પાણી છોડવામાં આવ્યું |
|---|---|---|---|
| માઝુમ | ૧૫૫.૫૪ | ૫૦૦૦ | ૫૦૦૦ |
| મેશ્વો | ૨૦૮.૪૫ | ૧૧૪૦ | - |
| વાત્રક | ૧૩૨.૭૦ | ૩૦૪૦ | - |
| લાંક | ૧૦૪.૮૪ | ૨૦૦થી વધુ | - |
| વૈડી | ૧૯૬.૨૫ | ૬૯૦ | - |

### અરવલ્લિ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધી અતિવૃષ્ટિ વિસ્તારની મુલાકાત કરી સમીક્ષા બેઠક યોજી

અરવલ્લી જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્ર પારધીએ જિલ્લામાં સતત અનરાધાર વરસાદથી તારાજી સર્જાતા ગ્રામ્ય વિસ્તારોમાં કાચા મકાનો પડી ગયેલ, ખેતીમાં થયેલ નુકશાન, પશુપાલકોના માલ-ઢોરનુ નુકશાનગ્રસ્ત વિસ્તારોની મુલાકાત લઈ રાજ્ય સરકારમાં વળતર માટે રજૂઆત કરવામાં આવશે, તદઉપરાંત સતત વરસાદથી વરસાદી પાણીના ભરાવાથી ગ્રામીણ વિસ્તારોમાં રોગચાળો ફાટી નીકળે તે પહેલા આરોગ્ય વિભાગને સાવચેતીના પગલા લેવા તાકીદ કરી હતી. જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયત સ્થળે ડીઝાસ્ટર મેનેજમેન્ટ કંટ્રોલરૂમ ઉભા કરવામાં આવેલની મુલાકાત લઈ જિલ્લાના પ્રજાજનો તકલીફ ન પડે તે માટે સતત પ્રયત્નશીલ બન્યા છે.

### બનાસકાંઠા જિલ્લામાં ક્યાં-કેટલો વરસાદ

| તાલુકો | આજનો વરસાદ (સવારે ૭ વાગ્યા સુધીમાં) | કુલ વરસાદ |
|---|---|---|
| અમીરગઢ | ૩૩૭ | ૧૦૧૩ |
| ભાભર | ૧૭૪ | ૬૯૮ |
| દાંતા | ૧૬૭ | ૭૯૯ |
| દાંતીવાડા | ૪૬૩ | ૧૩૫૯ |
| ધાનેરા | ૨૭૫ | ૮૨૮ |
| દિયોદર | ૨૮૪ | ૯૫૦ |
| ડીસા | ૨૧૦ | ૮૮૪ |
| કાંકરેજ | ૧૫૪ | ૫૮૪ |
| પાલનપુર | ૩૮૦ | ૧૧૨૯ |
| થરાદ | ૧૮૦ | ૬૧૦ |
| વાવ | ૧૮૭ | ૪૩૧ |
| વડગામ | ૩૫૭ | ૧૦૫૩ |
| લાખણી | ૩૦૫ | ૮૮૦ |
| સૂઈગામ | ૧૨૨ | ૪૮૩ |

### સાબરકાંઠામાં ક્યાં-કેટલો વરસાદ

| તાલુકો | છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલ વરસાદ |
|---|---|
| હિંમતનગર | ૨૩૦ |
| ઈડર | ૨૮૨ |
| ખેડબ્રહ્મા | ૧૮૮ |
| પોશીના | ૧૮૦ |
| પ્રાંતિજ | ૧૩૯ |
| તલોદ | ૧૪૪ |
| વડાલી | ૧૯૭ |
| વિજયનગર | ૧૨૪ |
| કુલ | ૧૪૮૪ |

● દિવસ દરમિયાન નોંધાયેલ વરસાદ, સવારના ૬ થી બપોરના ૪ કલાક સુધી

| તાલુકો | વરસાદ (મી.મી.) |
|---|---|
| હિંમતનગર | ૮૦ |
| ઈડર | ૨૨ |
| ખેડબ્રહ્મા | ૦૮ |
| પોશીના | ૧૪ |
| પ્રાંતિજ | ૨૪ |
| તલોદ | ૩૭ |
| વડાલી | ૧૭ |
| વિજયનગર | ૧૫ |

### મહેસાણા જિલ્લામાં ૧૨ કલાકનો વરસાદ

| | |
|---|---|
| બહુચરાજી | ૧૧૭ મી.મી. |
| કડી | ૬૪ મી.મી. |
| મહેસાણા | ૯૮ મી.મી. |
| વિજાપુર | ૧૩૯ મી.મી. |
| કેરાલુ | ૧૨૫ મી.મી. |
| વડનગર | ૧૦૦ મી.મી. |
| વિસનગર | ૭૫ મી.મી. |
| સતલાસણા | ૧૨૫ મી.મી. |
| ઊંઝા | ૧૧૧ મી.મી. |
| જોટાણા | ૧૦૩ મી.મી. |





## પ્રાંતિજ સહિતના વિસ્તારમાં નદી-નાળા છલકાયા

સાબરકાંઠા જિલ્લા સહિત ગુજરાતભરમાં મેઘ મહેર થઈ છે. તો કોઈ જગ્યાએ અંતિવૃષ્ટિ તો કોઈ જગ્યાએ મેઘકૃપા થઈ છે. ઉપરવાસમાં પડેલ ભારે વરસાદને લઈને નદીનાળા છલકાયા છે ત્યારે નવા નીર આવતાં લોકો નવા નીર જોવા નદીકાંઠે ઉમટી પડયા હતાં. છેલ્લાં ત્રણ દિવસથી પડી રહેલ વરસાદને લઈને પ્રાંતિજ સહિત તાલુકામાં આવેલ નદી-નાળા તળાવોમાં નવા નીર આવ્યાં હતાં. જયારે તાલુકામાં અનેક જગ્યાએ તળાવો ઓવરફ્લો થયાં હતાં તો બીજીબાજુ નદીઓમાં પણ ઉપરવાસના વરસાદને લઈને નવા નીર આવતાં સાબરમતી નદી બન્ને કાંઠે વહેતી થતાં પ્રાંતિજ સહિત તાલુકાના લોકો એક દિવસ પહેલાં સુકી અને ખાલીખમ નદીઓમાં નીર આવતાં બન્ને કાંઠે વહેતી થતાં લોકો નવા નીર જોવાં ઉમટી પડયા હતાં અને ખેડૂતો સહિત લોકોમાં ખુશી જોવામાં મળી હતી જયારે તંત્ર દ્વારા સાવચેતીના પગલાને લઈને નદી કાંઠે ના જવા લોકોને અપીલ કરી હતી અને નદી કાંઠે પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો.

## મોડાસા નગરપાલિકાના પ્રિમોન્સુન પ્લાન વરસાદમાં ધોવાયો

### લઘુમતિ વિસ્તારની રહેણાંક સોસાયટીઓ, પંડ્યાવાસ, મોચીવાસ, રત્નમ રેસીડેન્સીમાં કેડ સમા પાણી ભરાયા : નીચાણવાળા વિસ્તારોના ઘરો પાણીમાં ડૂબ્યા : મોડાસા બસસ્ટેન્ડ પાણીમાં ઘરકાવ : મુસાફરોની હાલત કફોડી




મોડાસા, તા. ૨૫ મોડાસા શહેરમાં સતત પાંચ દિવસથી વરસતા વરસાદથી મોડાસા નગરપાલિકાના વહીવટની જાણે હવા નીકળી ગઈ હોય તેવો માહોલ સર્જાયો હતો. મોડાસા શહેરના લઘુમતિ વિસ્તાર, પંડ્યાવાસ, મોચીવાસ, રત્નમ રેસીડેન્સી, વિવેકાનંદ સોસાયટી બેટમાં ફેરવાઈ ગઈ હતી. મોડાસા નગરપાલિકા દ્વારા પ્રિ.મોન્સુન અંગે ફક્ત કાગળીયાઓ ઉપર કામ કરવામાં આવતુ હોય તેમ મોડાસા શહેર બેટમાં ફેરવાયુ હતુ. મોડાસા બસસ્ટેન્ડ વિસ્તાર તળાવમાં ફેરવાતા મુસાફરોએ ભારે હાલાકી અનુભવી હતી. બસસ્ટેન્ડમાં પાણી ફળી વળતા સૂમસામ ભાસતુ હતુ.

મોડાસા નગરપાલિકામાં કરોડો રૂપિયાની ગ્રાન્ટ દર વર્ષે વરસાદી પાણીના નિકાલ માટે ગટર બનાવવા ફાળવવામાં આવતી હોવા છતાં તંત્ર દ્વારા ભ્રષ્ટાચાર સિવાય કોઈ કામગીરી કરવામાં ન આવતા મોડાસા શહેરની હાલ બેહાલ થઈ ગયા હતા. દર વર્ષે ચોમાસુમાં વધુ વરસાદ વરસતા મોડાસા નગર બેટમાં ફેરવાઈ જાય છે. તેમ છતા નક્કર પગલા ઉઠાવવામાં મનપા નિષ્ફળ ગઈ છે. શહેરમાં ચારે બાજુ પાણી ભરાઈ જતા લોકોને ભારે હાલાકી ભોગવવી પડી હતી. તંત્ર દ્વારા સબ સલામતના દાવાઓ નિષ્ફળ સાબીત થયા હતા. મોડાસાના હાર્દસમા ચારરસ્તા અને બસસ્ટેન્ડ વિસ્તાર અનો પાછળની રહેણઆંક સોસાયટીઓમાં કેડ સમા પાણી ભરાઈ જતા પ્રજાજનો અને મુસાફરોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. તદ્ઉપરાંત મોડાસાના માલપુર રોડ પર આવેલા પંડ્યાવાસ અને મોચીવાસ વિસ્તારમાં વરસાદી પાણી ફરી વળતા લોકોના ઘરોમાં પાણી ઘૂસી જતા ઘરવખરીને નુકશાન થયુ હતુ. બન્ને વિસ્તારના લોકોએ ભારે દેહશત વચ્ચે છેલ્લા બે દિવસથી વરસાદી પાણી ઉલેચી રહ્યા છે.

મોડાસાના લઘુમતિ વિસ્તારની કોલેજ રોડ પર આવેલી ગરીબ નવાઝ સોસાયટી, સાબલીયા એસ્ટેટ સમ્મે હિદાયત સોસાયટી, જિલ્લાની પાર્ક સોસાયટી સહિત નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણીને ઘમરોળતા છેક મકાનની છાજલી સુધી પાણી ભરાતા સમગ્ર ઘરવખરીને નુકશાન પહોંચ્યુ હતુ. સમગ્ર વિસ્તારમાં વરસાદી પાણી ફરી વળતા લોકોએ વરસતા વરસાદમાં ધાબા પર આશરો લેવો પડ્યો હતો. નગરપાલિકા દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે કરોડો રૂપિયા ખર્ચી લઘુમતિ વિસ્તારમાં ગટર વ્યવસ્થા ઉભી કરવા છતા નબળી કામગીરીના પગલે વરસાદી પાણીનો નિકાલ ન થતા લોકોમાં ઉગ્ર રોષ ફાટી નિકળ્યો હતો.

## પ્રાંતિજ તાલુકામાં સાબરમતી નદીમાં પાણી છોડાતાં ૫૦ લોકોને સ્થળાંતર કરાયા

### સીતવાડામાંથી ૧૫ અને વાઘપુરમાંથી ૩૫ લોકોનું સ્થળાંતર તંત્ર દ્વારા કરાવવામાં આવ્યુ

પ્રાંતિજ, તા. ૨૫

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકામાં આવેલ સાબરમતી નદીમાં પાણી છોડવાને લઈને તંત્ર દ્વારા નીચાણવાળા વિસ્તારમાં ગામોને તથા નદીકાંઠે આવેલ ગામોને એલર્ટ કરવામાં આવ્યાં હતાં અને બે ગામોમાંથી ૫૦ જેટલા લોકોનું સ્થળાંતર કરવામાં આવ્યું હતુ.

પ્રાંતિજ નજીક આવેલ સાબરમતી નદીમાં રાત્રીના સમયે ઉપરવાસમાં પડેલ ભારે વરસાદને લઈને મોટી માત્રમાં પાણી છોડવામાં આવનાર હોઈ પ્રાંતિજ તાલુકા તંત્ર દ્વારા સાબરમતી નદી કાંઠે આવેલ ગામોને એલર્ટ કરવામાં આવ્યાં હતાં અને વાઘપુરમાંથી અને સીતવાડામાંથી નદી કાંઠે રહેતાં લોકોનુ સ્થળાંતર કરાવવામાં આવ્યું હતું જેમાં વાઘપુરમાંથી ૩૫ અને સીતવાડામાંથી ૧૫ એમ તંત્ર દ્વારા ૫૦ લોકોનું સ્થળાંતર કરાયું હતું જયારે નદીકાંઠે આવેલ ગેડ, મોરવાડ, નવાપુરા, સાંપડ, ગળતેશ્વર, પોયડા, સહિતના નદીકાંઠે આવેલ ૨૦ ગામોને એલર્ટ કરવામાં આવ્યાં હતા અને નદીકાંઠે પોતાના પશુધન લઈને ના જવા પણ સુચનાઓ આપવામાં આવી હતી.

## મહેસાણામાં આજે વરસાદે વિરામ આપ્યો

મહેસાણામાં છેલ્લા ૪ દિવસથી વરસાદે માંઝા મુકી હતી. ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠાની હાલત હાલમાં શિવના પ્રથમ શ્રાવણ માસના દિવસે જ તાંડવ કરતા જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. મહેસાણાના ધરોઈ ડેમના ગત રોજ ૧૦ દરવાજા મોડી રાત્રે ખોલવામાં આવ્યા હતા. જ્યારે હાલમાં એક બાદ એક દરવાજા બંધ કરીને હાલમાં ૪ દરવાજા ૭ ફૂટ ખોલતા અમદાવાદ સુધી ધરોઈનું પાણી પહોંચી ગયું છે.

મહેસાણા જિલ્લામાં આજે વરસાદે ૪ દિવસ બાદ વિરામ લીધો છે. આજે જનજીવન રાબેતા મુજબ મહેસાણામાં શરૂ થઈ ગયું છે. પરંતુ વરસાદના અમી છાંટણા હજુ યથાવત છે. જિલ્લાની વાત કરવામાં આવે તો સમગ્ર જિલ્લામાં છેલ્લા ૧૨ કલાકમાં વરસાદ સતત મંદ મંદ પડી રહ્યો છે. જિલ્લામાં સૌથી વધુ વરસાદ સતલાસણા તાલુકામાં ખાબક્યો છે.